RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 193 * Date: 04.05.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર ત્રિપલ અકસ્માત, ૬ના મોત



રાજયમાં વધતા જતાં અકસ્માતો વચ્ચે ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર હિંગટીયા નજીક ત્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. બસ-જીપ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા એક બાળકી સહિત કુલ ૬ લોકોના મોત નીપજ્યા છે, જેમાં ૪ લોકોનું ઘટના સ્થળે, જ્યારે ૨નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની માહિતી મળી છે. આ ઘટનામાં ૭ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર અંબાજી-વડોદરા રૂટની બસને હિંગટીયા નજીક અકસ્માત નડ્યો છે. બસ-જીપ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક બાળકી સહિત ૬ લોકોના કરૂણ મોત નીપજ્યા છે. મૃતકોની ઓળખ પોપટભાઈ તરાલ , સાયબાભાઈ બેગડીયા, અજયભાઈ ગમાર, અને મંજુલાબેન બેગડીયા (બાળકી) તરીકે કરવામાં આવી છે. જ્યારે એક વ્યક્તિને સારવાર અર્થે ખસેડતી વખતે રસ્તામાં જ અને એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. તો બીજી તરફ ૭ લોકોને ઈજા પહોંચી હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

ઉલ્લેખનીય છે કે મોતને ભેટેલા મોટાભાગના મુસાફરો જીપમાં સવાર હતા, અકસ્માત એટલો ભયંકર હતો કે જીપનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યારે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

## શ્રીલંકાની સુરક્ષા એજન્સીઓએ ભારતથી આવી રહેલી ફ્લાઈટને કેમ ઘેરી? પહલગામ હુમલા સાથે કનેક્શન

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલા બાદથી જ ભારત આઘાતમાં છે. આતંકવાદીઓને કડકમાં કડક સજા આપવા માટે માગ કરવામાં આવી રહી છે. જોકે હજુ સુધી આ હુમલો કરનારા ઝડપાયા નથી. એવામાં આજે શ્રીલંકાના ભંડારનાયકે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હાઈએલર્ટ આપવામાં આવ્યું હતું. સુરક્ષા એજન્સીઓને આશંકા હતી કે હુમલામાં સામેલ શંકાસ્પદ વ્યક્તિ વિમાનમાં સવાર હોઈ શકે છે.

શ્રીલંકાના ભંડારનાયકે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચેન્નઈથી આવેલી ફ્લાઈટનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. શ્રીલંકાની એરલાઈન્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ચેન્નઈ એરિયા કંટ્રોલ દ્વારા અલર્ટ આપવામાં આવ્યું હતું જે બાદ ફ્લાઈટમાં સવાર તમામ મુસાફરોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું. સઘન તપાસ બાદ ફ્લાઈટને સંચાલન માટે મંજૂરી આપવામાં આવી. નોંધનીય છે કે ૨૨મી એપ્રિલે પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો જેમાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આજે દિલ્હીમાં અંગોલાના રાષ્ટ્રપતિ જોઆલો મેનુઅલ ગોંકેલ્વેસ લૉરેન્કોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષિય બેઠક કરી હતી. બેઠક બાદ પત્રકારોને સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ ફરી આતંકવાદ વિરુદ્ધ ભારતની કાર્યવાહી મુદ્દે મોટું નિવેદન આપ્યું.

## યુરોપની બેવડી નીતિઃ યુદ્ધ અંગે યુક્રેન-રશિયાને છૂટ, ભારતને 'શાંતિ'નું જ્ઞાન



વિશ્વમાં હાલ એકથી વધુ મોરચે યુદ્ધકાળ ચાલી રહ્યો છે. યુક્રેન-રશિયા વચ્ચેની કુશ્તી સતત જારી છે, તો ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે પણ છાશવારે છમલકાં થયા કરે છે. તાજેતરમાં પહલગામ આતંકવાદી હુમલાને કારણે ભારત-પાકિસ્તાન વચ્ચે પણ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. આવા માહોલમાં યુરોપિયન યુનિયન જે પ્રકારનું વલણ દર્શાવી રહ્યું છે એ તેની દંભી નીતિઓને ખુલ્લી પાડનારું છે. રશિયા-યુક્રેન યુદ્ધમાં 'યુદ્ધ એ જ કલ્યાણ'ને ન્યાયી માનીને યુક્રેનને શસ્ત્રો પૂરા પાડીને મદદ કરી રહેલા યુરોપિયન યુનિયને ભારત અને પાકિસ્તાનને યુદ્ધ બાબતે સંયમ રાખવાની સૂફિયાણી સલાહ આપી છે, જેની ભારે ટીકા થઈ રહી છે. યુરોપિયન યુનિયનના ઉપપ્રમુખ અને વિદેશી બાબતોના ઉચ્ચ પ્રતિનિધિ કાજા કલ્લાસે ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડાર સાથે ફોન પર વાત કરીને કહ્યું હતું કે, 'તણાવ વધારવાથી કોઈને ફાયદો થશે નહી.'ભારત જેનાથી દાયકાઓથી પીડાઈ રહ્યું છે એવા પાકિસ્તાન સમર્થિત આતંકવાદની કાજા કલ્લાસે સદંતર અવગણના કરીને ભારતને શાંતિ જાળવી રાખવાની સૂફિયાણી સલાહ આપી, તેથી વિદેશ નીતિના નિષ્ણાતો અને સોશિયલ મીડિયા યુઝર્સએ કાજા કલ્લાસને દંભી ગણાવ્યા હતા, કેમ કે યુક્રેન-રશિયા મુદ્દે તેઓ યુદ્ધ કરવાના પક્ષમાં ગાણા ગાતાં રહ્યાં છે.

## ગુજરાતમાં ૫ દિવસ વીજળીના કડાકા અને કરા સાથે ભારે વરસાદની આગાહી, જાણો હવામાન વિભાગની ચેતવણી



ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે આગામી ૫ દિવસમાં કરા, વીજળી, પવન અને હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં આગામી ૮ મે, ૨૦૨૫ સુધી કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત રાજયના મોટાભાગના જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ૫-૬ મેના રોજ વીજળીના કડાકા-ભડાકા સાથે માવઠું અને પવન ફૂંકાશે. આ સાથે રાજ્યના ૧૨ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ કરા પડવાની હવમાન વિભાગે ચેતવણી આપી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન પરનું હવાનું ચક્રવાત હવે દક્ષિણપૂર્વ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં દરિયાની સપાટીથી ૦.૯ કિ.મી. ઉપર છે. આ દરમિયાન ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠું પડવાની આગાહી છે. જેમાં આવતીકાલે રવિવારે (૪ મે, ૨૦૨૫) કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નવસારી, વલસાડ, અમરેલી અને ભાવનગર જિલ્લાના કેટલાક સ્થળોએ મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ હળવાથી ભારે વરસાદની આગાહી છે. આ દરમિયાન વીજળી, પવન ફૂંકાવવાની સાથે કરા પડવાની પણ આગાહી હવામાન વિભાગે કરી છે. જેમાં ૫-૬ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, મોરબી, રાજકોટ, જૂનાગઢ, અમેરલી, ભાવનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ માવઠા સાથે કરા પડવાની આગાહીને પગલે ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે. જ્યારે આ બે દિવસ દરમિયાન રાજ્યભરમાં ૫૦-૬૦ની ગતિએ પવન ફૂંકાવવાની સાથે કમોસમી વરસાદની પડવાની આગાહીને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ૭ મે, ૨૦૨૫ના રોજ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, અમરેલી, ભાવનગર, સુરત, નર્મદા અને ૮ મેના રોજ અમરેલી, ભાવનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, ભરૂચ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે ભારે કમોસમી વરસાદની આગાહી પગલે હવામાન વિભાગે ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે.

## સુરતના ઉત્રાણમાં મકાનો પર ડિમોલિશનની નકલી નોટિસો લગાવાતાં હોબાળો, પોલીસ-તંત્ર દોડતું થયું

ગુજરાતમાં અમદાવાદ, દ્વારકા સહિતના વિસ્તારોમાં જાહેર જગ્યાઓ પર ગેરકાયદે કરવામાં આવેલા દબાણોને હટાવવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે, ત્યારે સુરત શહેરના ઉત્રાણમાં મકાનો પર ડિમોલિશનની નકલી નોટિસ લગાવવામાં આવતાં રહીશોમાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને સ્થાનિક તંત્ર અને પોલસ દોડતી થઈ હતી. જ્યારે આ મામલે જાણવા મળ્યું હતું કે, મકાનો પર લગાવેલી નોટિસ નકલી હોવાનું સામે આવ્યું હતું. નકલી નોટિસ લગાવવા મામલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસને જાણ કરી હતી. પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. સુરત શહેરના ઉત્રાણ વિસ્તારમાં આવેલી તાપીનગર વિભાગ-૨ સોસાયટીમાં અચાનક કેટલાક મકાનોની દિવાલો પર ડિમોલિશનની નોટિસો લગાવવામાં આવી હતી. જેને લઈને સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો હતો. મકાનો પર લગાવેલી નોટિસમાં લખ્યું હતું કે, 'મનપાની સૂચના મુજબ આ મકાન ૭ દિવસમાં તોડી પાડવામાં આવશે.

## દાહોદ જિલ્લામાં ચાંદીપુરા વાયરસ સામે આરોગ્ય તંત્રનું આગોતરું આયોજન



દાહોદ જિલ્લામાં ગત વર્ષે ચાંદીપુરા વાયરલ (એન્કેફેલાઈટીસ) રોગના ૩ કેસ નોંધાયા હતા, જે પૈકી બે ના મોત થયા હતા. ત્યારે આ વર્ષે અગમચેતીના ભાગરૂપે ચોમાસા પહેલાં જ મે મહિનામાં સંબંધિત વિસ્તારોમાં દવાનો મેલેથીયોન ડસ્ટીગ કરવા સહિતનાં પગલાં લેવાની તૈયારીઓ આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી છે.સેન્ડ ફ્લાયના (રેત માંખ) કરડવાથી ખાસ કરીને ૦ થી ૧૬ વર્ષની ઉંમરના બાળકોને થતા ચાંદીપુરા વાયરસના એન્કેફેલાઈટીસ રોગમાં મગજનો તાવ, ઝાડા-ઉલટી, ખેંચ જેવાં લક્ષણો જોવા મળતાં હોય છે. ગત વર્ષે ચોમાસાના માહોલમાં જૂન-જુલાઈ માસમાં દાહોદ જિલ્લામાં કુલ ૩ બાળકો આ વાઈરસની ઝપટમાં આવ્યા હતા ( જે અન્ય જીલ્લા માંથી આવેલ હતા )અને તે પૈકી બે ના મોત થયા હતા. ત્યારે ભારત સરકારની માર્ગદર્શિકા અને રાજ્ય સરકારની સૂચનાથી દાહોદના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે કાર્યવાહી શરૂ કરાઈ છે. દાહોદ જિલ્લામાં ગત વર્ષે લીમખેડા તાલુકામાં ૨, દેવગઢ બારીયા તાલુકામાં ૧ કેસ નોંધાયો હતો. જીલ્લાના તમામ લીપણ કરેલા કાચા ઘરોની બહાર તેમજ અંદર ઢોરોને બાંધવાના કોઢમાં ભેજવાળું વાતાવરણ હોવાથી અને નીચે રહેલી ભેજવાળી રેતી અથવા માટી માં તેના ઈંડા લાર્વા કોસેટો રહેલા હોય છે, જેથી મેલેથીયોન ડસ્ટિંગની કામગીરી કરવાથી તેમાંથી નીકળતી બાળ સેન્ડ ફલાય પણ મૃત્યુ પામે તે હેતુસર દાહોદ જીલ્લામાં ૩ રાઉન્ડ મે, જુન, જુલાઈ ની ૧ થી ૧૫ તારીખમાં કામગીરી હાથ ધરી કોઈ બાળકનું મૃત્યુ ન થાય તે અંગેનું આગોતરું આયોજન કરી પ્રથમ રાઉન્ડની શરૂઆત કરી દેવામાં આવેલ છે. લોકોને પણ આ બાબતે જાગૃતિ કેળવવા આરોગ્ય તંત્ર દ્વારા સૂચનો કરવામાં આવ્યા છે, ચોમાસામાં ચાંદીપુરા વાયરસના ફેલાવાની સંભાવના હોય છે, ત્યારે લોકોએ પોતાના રહેણાંક અને કાચાં મકાનોમાં દિવાલોમાં પડેલી તીરાડો પૂરી દેવી જેવી સાવચેતી રાખવી જરૂરી છે.

## વડોદરા ખાતે સન્માન સમારોહ યોજાયો




વડોદરા જિલ્લા આચાર્ય સંઘ ના પ્રમુખ અશ્વિનસિંહ ગોહિલ તથા સંઘ દ્વારા તારીખ ૨ મે ૨૦૨૫ ને શુક્રવારના રોજ શ્રી ગંગાબાઈ સાર્વજનિક હાઈસ્કુલ છાણી વડોદરા મુકામે વડોદરા જિલ્લાના ૧૭ નવા નિમણૂક પામેલા આચાર્યોનો સન્માન સમારોહ જિલ્લા શિક્ષણાધિકારી મહેશભાઈ પાંડે વડોદરાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

**તંત્રી લેખ...**

# ડોલર સામે રૂપિયામાં મોટી અફડાતફડી

કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી ફરી ઉંચકાયા હતા. ડોલરના ભાવ રૂા. ૮૪.૫૦ વાળા આજે સવારે જો કે રૂા. ૮૪.૦૬ ખુલી નીચામાં ભાવ રૂા. ૮૩.૭૬ થયા પછી ભાવ બપોર પછી ફરી ઉછળી ઉંચામાં રૂા. ૮૪.૫૮ થયા પછી છેલ્લે બંધ ભાવ રૂા. ૮૪.૫૩ રહ્યા હતા. ડોલર સામે રૂપિયામાં આજે વ્યાપક અફડાતફડી જોવા મળી હતી.ડૃોલરના ભાવ આજે ચાલુ બજારે એક તબક્કે ગબડી રૂા. ૮૪ની અંદર ઉતરી જતાં ઓક્ટોબર ૨૦૨૪ પછીની નવી નીચી સપાટી ડોલરમાં તથા નવી ઉંચી સપાટી રૂપિયામાં જોવા મળી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. મુંબઈ બજારના જાણકારોના જણાવ્યા મુજબ ડોલરમાં આજે આરંભીક તબક્કામાં વિવિધ વિદેશી બેંકોના વ્યાપક વેચવાલી જોવા મળી હતી. શેરબજાર ઉંચકાતાં તથા દેશમાં ડોલરનો ઈનફ્લો વધતાં તેની અસર પણ કરન્સી બજારમાં રૂપિયા પર પોઝીટીવ દેખાઈ હતી. રૂપિયામાં મંદીવાળાના વેચાણો પણ કપાયા હતા. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ૦.૫૬ ટકા તૂટયો હતો. ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૦.૩૩ તથા નીચામાં ૯૯.૬૩ થઈ ૯૯.૬૯ રહ્યાના નિર્દેશો હતા.યુરોપમાં ફુગાવામાં વૃદ્ધી અપેક્ષાથી વદ્દુ આવી હતી. ડોલર સામે યુરોના ભાવ વિશ્વ બજારમાં ઉંચકાતા ડોલર ઈન્ડેક્સ ફરી ૧૦૦ની સપાટીની અંદર ઉતરી ગયાનું જાણકારો જણાવી રહ્યા હતા. અમેરિકાના ડોબગ્રોથના ડેટા પર બજારની નજર હતી.

# સિટી બસની સમસ્યાને લઈ કોંગ્રેસ દ્વારા મ્યુ.કમિશનરનો ઘેરાવ : રમકડાંની બસો આપતાં પોલીસ સાથે ઝપાઝપી



રાજકોટનાં ઈન્દિરા સર્કલ પાસે સિટી બસના અકસ્માતમાં ચાર વ્યક્તિનાં મોત નીપજયા હતા. તેમજ છેલ્લા થોડા કાઢી કમિશનરનાં ટેબલ ઉપર મુકવાનો પ્રયાસ કરતા પોલીસ દોડી આવી હતી. જેને લઈને કોંગ્રેસના આગેવાનો અને વિજિલન્સ પોલીસ વચ્ચે ઝપાઝપીનાં દશ્યો સર્જાયા હતા. બાદમાં પોલીસ દ્વારા કોંગ્રેસનાં આગેવાનોને બહાર કાઢવામાં આવ્યા હતા.આ તકે વિપક્ષ નેતા વશરામ સાગઠિયાએ જણાવ્યું હતું કે, આ રાજકોટ મનપાનાં કમિશનર ભાજપનાં પીઠું છે. ભાજપ કહે તેટલું જ કરે છે. સરકારે ખરીદેલી બસો માત્ર ૪૫ ડિગ્રી તાપમાનમાં બંધ થઈ જાય છે. ત્યારે તેમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનું લાગી રહ્યું છે. બસોમાં ખામી હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. જેને લઈને આજે આ બસો રમકડાં જેવી હોવાનું કમિશનરને ભાન કરાવવા માટે અમારા દ્વારા રમકડાંની સિટી બસો આપીને વિરોધ કરવામાં આવ્યો હતો. સિટી બસ સેવાનાં નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ પણ તેમણે લગાવ્યો હતો.કોંગ્રેસના આગેવાન રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મ્યુ. કમિશનરને કોંગ્રેસ દ્વારા આક્રમક રીતે રજૂઆત કરવામાં આવી છે કે એકતરફ લોકો મરી રહ્યા છે, બીજી તરફ આ લોકો એસી ચેમ્બરોમાં બેસીને કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતા નથી. તો ભ્રષ્ટાચારમાં ડૂબેલી ભાજપને અધિકારીઓ સપોર્ટ કરી રહ્યા છે, જેનો આજે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. જોકે આ વિરોધ કરવામાં આવતા તરત જ પોલીસને આગળ કરી અમને બહાર કાઢી મુકવામાં આવ્યા છે. કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં પણ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, મ્યુ કમિશનરને એક સપ્તાહ પહેલા પણ આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ આજસુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. કોન્ટ્રાક્ટર સામે પગલા લેવામાં આવ્યા નથી. હાલમાં ૧૨૬ જેટલી સિટી બસ બંધ હોવા છતાં કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવામાં આવતા નથી. ક્યાંક ભાજપ સાથે તાલમેલ હોય તેવું હાલ લાગી રહ્યું છે.

# ગિરનાર પર ટ્રેકિંગ બાદ ૩૫ સ્ટુડન્ટને મધમાખીએ ડંખ માર્યા



જૂનાગઢમાં ગિરનાર પર્વત પર આવેલા જોગણિયા ડુંગર નજીક ટ્રેકિંગ માટે ગયેલા ૧૦૦ વિદ્યાર્થી અને ૯ ઈન્સ્ટ્રક્ટરના જૂથ પર મધમાખીના ઝુંડે આકસ્મિક હુમલો કર્યો. આ દુર્ઘટનામાં ૩૫થી વધુ વિદ્યાર્થીઓ અને એક ઈન્સ્ટ્રક્ટરને મધમાખીએ ડંખ મારતાં તેમને તાત્કાલિક જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબી સ્ટાફ અને તંત્રની ઝડપી કાર્યવાહીથી બાળકોને તાત્કાલિક સારવાર મળતાં હાલ તમામ વિદ્યાર્થી સુરક્ષિત અને સ્થિર હાલતમાં છે.ટ્રેકિંગ શિબિરમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓ સવારે ૯:૩૦ કલાકે તાલીમ પૂર્ણ કરીને જ્યારે પાજનાકા પુલ તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે મધમાખીઓના ઝુંડે અચાનક હુમલો કર્યો. આ ઘટનાની જાણ ટ્રેકિંગ કેમ્પના ઈન્સ્ટ્રક્ટરને કરવામાં આવી હતી, જેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તાત્કાલિક મદદ માગી હતી.શિબિર સંચાલક શૈલેષ બોલસે જણાવે છે કે ×અમે ગિરનાર પર્વત પર આવેલા જોગણિયા ડુંગર પર સવારના સમયે ટ્રેકિંગ માટે ગયા હતા. પરત ફરતી વખતે મધમાખીઓના એક મોટા ઝુંડે વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તમામને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.×સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. કૃતાત બ્રહ્મભટ્ટ જણાવે છે, આજે ગિરનાર ટ્રેકિંગ કેમ્પ દરમિયાન થયેલી મધમાખીના હુમલાની ઘટનામાં ૩૫થી વધુ બાળકોને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. તમામને તાત્કાલિક સારવાર આપવામાં આવી રહી છે. કોઈ પણ બાળકની સ્થિતિ ગંભીર નથી. મધમાખી કરડતા કિસ્સાઓમાં દર્દીને મધમાખીને ડંખથી શરીરમાં થતી બળતરા ને રાહત મળે એ માટે ઈન્જેક્શન તેમ જ દવાઓ આપવામાં આવતી હોય છે તેમજ ઘણા કિસ્સાઓમાં કયા પ્રકારની મધમાખીએ ડંખ માર્યો છે એને લઈને પણ અલગ પ્રકારની સારવાર કરવામાં આવતી હોય છે અને ઘણી વખત ઝેરી મધમાખીના ડંખથી લોકોના જીવનું જોખમ પણ રહે છે. ત્યારે આજે જે બાળકો મધમાખીના હુમલાનો શિકાર બન્યાં છે એ તમામ બાળકોને સમયસર પૂરતી સારવાર આપી સુરક્ષિત રાખવામાં આવ્યાં છે. હોસ્પિટલમાં પૂરતા પ્રમાણમાં તબીબો અને નર્સિંગ સ્ટાફ હાજર હોવાથી સારવાર તરત શરૂ કરી દેવામાં આવી હતી.×ફાયર ઓફિસર કનુ પરમાર જણાવે છે, સવારના ૯ વાગ્યે ફાયર વિભાગને ઈમર્જન્સી કોલ મળ્યો હતો કે જોગણિયા ડુંગર નજીક ટ્રેકિંગ માટે ગયેલાં બાળકો પર મધમાખીઓએ હુમલો કર્યો છે.

# ચંડોળામાંથી કુલ ૧૯૦ બાંગ્લાદેશી ઝડપાયા: લલ્લા બિહારીને કોર્ટમાં રજૂ કરાયો,

ભારતમાં ઘૂસણખોરી કરી અમદાવાદના ચંડોળા વિસ્તારમાં રહેતા બાંગ્લાદેશીઓને શોધી કાઢવા માટે અને અહીં થયેલાં દબાણો દૂર કરવા માટે પોલીસ અને મનપાઓ મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું. અમદાવાદ પોલીસ કમિશનરે કહ્યું હતું કે અત્યારસુધીમાં ફક્ત ચંડોળા વિસ્તારમાંથી જ ૧૯૦ બાંગ્લાદેશી ઝડપી પાડવામાં આવ્યા છે, જેમને ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારમાં મોટેપાયે દબાણો થયાં હોઈ, હાલ ૪૦૦૦ મકાન દૂર કરી દોઢ લાખ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી છે. પોલીસ કમિશનરે કહ્યું હતું કે પ્રથમ ફેઝની કામગીરી પૂર્ણ થઈ છે. મહાનગરપાલિકા સાથે ચર્ચા કરી બીજા ફેઝની કામગીરી કરાશે.ચંડોળા તળાવ વિસ્તારમાં



પોતાનું સામ્રાજ્ય ઉભુ કરી બાંગ્લાદેશી નાગરિકોની મદદ કરનારા લલ્લા બિહારીને આજે (૩ મે, ૨૦૨૫) ૧૪ દિવસના રિમાન્ડની માગ સાથે ક્રાઈમ બ્રાન્ચે ભદ્ર કોર્ટમાં રજૂ કર્યો છે. ઈલેટ્રિસિટી એક્ટની કલમ લાગેલી હોવાથી વિશેષ અદાલતમાં રજૂ કરાશે. ગેરકાયદે ભારતમાં પ્રવેશતા બાંગ્લાદેશીઓને લલ્લા બિહારી આસરાથી લઈને ધંધા સુધીનું પેકેજ આપતો હતો.

પોલીસ કમિશનર જીએસ મલિકે કહ્યું હતું કે છેલ્લા અઠવાડિયા દરમિયાન પોલીસે અલગ અલગ વિસ્તારોમાં બાંગ્લાદેશીઓની શોધખોળ શરૂ કરી હતી, જેમાં અમદાવાદના ચંડોળા વિસ્તારમાંથી જ ૧૯૦, જયારે સોલામાંથી ૬ અને ઓઢવામાંથી ૨ મળી કુલ ૧૯૮ મળ્યા છે. જયારે માર્ચ મહિનામાં પણ ૧૨ બાંગ્લાદેશી પકડાયા હતા. આ પહેલાં ૨૦૦૯માં ચંડોળા વિસ્તારમાંથી ૯૫ જેટલા બાંગ્લાદેશીને ઝડપવામાં આવ્યા હતા. અહીં બાંગ્લાદેશીઓને આશરો દેવામાં જેનો હાથ હતો તે લલ્લુ બિહારીને પણ ઝડપવામાં સફળતા મળી છે.વધુમાં પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, હાલ ચંડોળા વિસ્તારમાં ફેઝ-૧ની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. કોઈપણ અનિચ્છનીય ઘટના વગર ડિમોલિશન કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. બીજા ફેઝના ડિમોલિશન માટે ચર્ચા ચાલે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નક્કી કરશે એમાં પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવશે. કોઈ વ્યક્તિ કાયદો હાથમાં લેશે તો તેની સામે કડક કાર્યવાહી કરાશે. સુપ્રીમ કોર્ટને આદેશ છે કે કોઈપણ તળાવ પર દબાણ થઈ શકશે નહીં."મ હાલ તપાસ કરી રહી છે, જેનો રિપોર્ટ રાજ્ય અને કેન્દ્ર સરકારને અપાશે. ત્યાર બાદ જે લોકો ઝડપાયા છે, તેના ડિપોર્ટની કાર્યવાહી કરાશે.

ચંડોળા વિસ્તારામાં પ્રથમ ફેઝની ડિમોલિશન કામગીરી મામલે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારે કહ્યું હતું કે અત્યારસુધીમાં ચાર હજાર ગેરકાયદે મકાનો દૂર કરાયાં છે અને દોઢ લાખ ચો.મી. જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. જે વિસ્તાર ખુલ્લો કરાયો છે એમાં તળાવનું પાણી ભરાશે. જે જગ્યા પર ટોરન્ટનાં કનેક્શન હતાં એની પણ તપાસ કરાશે.

# રાજકોટ જિલ્લામાંથી 3 પાકિસ્તાની ઝડપાયા:વર્ષો પહેલાં આવ્યા બાદ પરત ન ફર્યા,

રાજકોટ જિલ્લામાંથી ચાર પાકિસ્તાની નાગરિક ઝડપાયા છે. વર્ષો પહેલાં પાકિસ્તાનથી રાજકોટ આવ્યા બાદ પરત પાકિસ્તાન ન ફર્યા હોવાનું સામે આવ્યું છે. લગભગ બે દાયકા કરતાં વધુ સમયથી તેઓ ગેરકાયદે રાજકોટ જિલ્લામાં રહેતા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી હતી. રાજકોટ ગ્રામ્ય ન્ઝમ્ની ટીમે લોધિકા તાલુકામાં રહેતા એક સગીર સહિત ૩ પાકિસ્તાનીને લાવી પૂછપરછ શરૂ કરી છે.ઘૂસણખોરી અંગે રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવા અંગે આપેલ આદેશ બાદ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જિલ્લા પોલીસ વડા હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાની પોલીસ તેમજ ગ્રામ્ય જીંય અને ન્ઝમ્ની ટીમ દ્વારા અલગ અલગ વિસ્તારમાં ઘૂસણખોરી અંગે તપાસ કરવામાં આવી રહી છે. આ દરમિયાન રાજકોટ ગ્રામ્ય ન્ઝમ પોલીસની ટીમને એક ચોક્કસ બાતમી મળી હતી કે રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં પાકિસ્તાની નાગરિક ગેરકાયદે રીતે વસવાટ કરી રહ્યા છે જેના આધારે પોલીસ ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરી હતી.પોલીસ ટીમે લોધીકા પહોંચી તપાસ કરતા એક પરિવાર મળી આવ્યો હતો. જેમની પાસે ભારતીય ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ સહિતના પુરાવાઓ હતા નહીં. ત્યારબાદ પૂછપરછ કરતા તેઓ પાકિસ્તાની હોવાનું સામે આવ્યું હતું અને તેઓ લગભગ દોઢ-બે દાયકા પહેલા પાકિસ્તાનથી રાજકોટ આવ્યા હોવાનું સામે આવ્યું હતું.

# પાકિસ્તાન કનેક્શન ધરાવતો મૌલાના છ્જીના હવાલે:અમરેલી જીંર મૌલાનાને લઈને અમદાવાદ પહોંચી



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના હિમખીમડીપરાની મદ્રેસામાં ભણાવતા મૌલાનાની ગઈકાલે (૦૨/૦૫/૨૦૨૫)ના રોજ અમરેલી જીંએ અટકાયત કરી હતી. તેની તપાસ કરતાં મૌલાનાના મોબાઈલમાંથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશનાં સાત જેટલાં વ્હોટ્સએપ ગ્રુપની ચેટ મળી આવી હતી. જેને લઈને અમરેલી જીંય દ્વારા મૌલાનાને છ્જીને સોંપવામાં આવ્યો છે. હવે મૌલાનાની તપાસ છ્જી દ્વારા કરવામાં આવશે.જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ગત ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ત્રણ ગુજરાતી સહિત કુલ ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે. એ બાદ સમગ્ર દેશ સાથે ગુજરાત પોલીસ પણ એક્શનમાં આવી ગઈ છે અને શંકાસ્પદ લોકોની તપાસ કરી રહી છે. આ દરમિયાન અમરેલી જીંની ટીમ ગેરકાયદે વસવાટ કરતા લોકોની તપાસ કરતી ત્યારે ધારીના હિમખીમડીપરાના મદ્રેસામાં ભણાવતા મૌલાના મોહંમદફઝલ શેખ પર જીંને શંકા ગઈ હતી.

મૌલાના મોહંમદફઝલ શેખ પર જીંને શંકા જતાં તેના આધાર પુરાવા માગ્યા હતા, જોકે મૌલાનાએ કોઈ આધાર પુરાવા રજૂ ન કરતાં જીંએ ધારી પોલીસ મથકે લાવીને તેની પૂછપરછ કરતાં તે મૂળ અમદાવાદના જુહાપુરાનો રહેવાસી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પોલીસે તેનો મોબાઈલ કબજે લઈને મોબાઈલની ઊંડાણપૂર્વક તપાસ કરતાં એમાંથી સાત જેટલાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશનાં ગ્રુપ મળ્યાં હતાં.

# આચાર્ય લોકેશજી નશામુક્ત પદયાત્રામાં ભાગ લેવા માટે ચંદીગઢ જવા રવાના





અહિસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા, રાજકીય આગેવાનો, ધર્માચાર્ય, સામાજિક કાર્યકરો સાથે ચંદીગઢથી નશામુક્ત પદયાત્રા શરૂ કરશે. આ યાત્રામાં ભાગ લેવા માટે કેન્દ્રીય મંત્રીઓ, પંજાબ અને હરિયાણાના મુખ્યમંત્રીઓ અને સાંસદોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

વિશ્વ શાંતિ રાજદૂત આચાર્ય શ્રી લોકેશજી, નશામુક્ત પદયાત્રામાં ભાગ લેવા માટે ચંદીગઢ જતા પહેલા જણાવ્યું હતું કે ડ્રગનું વ્યસન એટલું દુષ્ટ છે કે તે વ્યક્તિના કિંમતી જીવનને અકાળે મૃત્યુ પામે છે. ડ્રગ્સના વ્યસનને કારણે ઘણા પરિવારો બરબાદ થઈ રહ્યા છે અને સમાજ પર તેની પ્રતિકૂળ અસર પડી રહી છે. પંજાબમાં ડ્રગ્સના ખતરાને ધ્યાનમાં રાખીને, શીખ ધર્મના બાબા ભૂપેન્દ્ર સિંહજી, હિન્દુ ધર્મના મહામંડલેશ્વર સ્વામી દિનેશેશ્વરાનંદજી સહિત ઘણા ધર્માચાર્ય પંજાબ સરકાર દ્વારા ડ્રગ વિરોધી જાગૃતિ અભિયાન હેઠળ ચંદીગઢથી શરૂ થતી નશામુક્ત પદયાત્રામાં ભાગ લેવા માટે ચંદીગઢ પહોંચ્યા છે.

નશા મુક્તિ યાત્રા શરૂ થાય તે પહેલાં, આચાર્ય લોકેશજી રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાને મળ્યા અને ભાર મૂક્યો કે આધ્યાત્મિક અને ધાર્મિક ઉપદેશો વ્યસનથી દૂર રહેવા અને સ્વસ્થ જીવન જીવવાનો સંદેશ આપે છે,



જય રણછોડપ.જય સિયારામ સાથે સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ,દંડીસ્વામી આશ્રમ ડાકોરધામ દ્વારા વિનામૂલ્યે અને રાહતદરે ચોપડા વિતરણ ડાકોર,ઠાસરા,સેવાલિયા,ગળતેશ્વર અને આસપાસના ગામડાંના માતા કે પિતા વિહોણા દીકરા દીકરીઓ માટે વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવશે અને બીજા લોકો માટે રાહતદરે એટલે કે ૨૪૦/- માં એક ડઝન ચોપડા આપવામાં આવશે. રાહતદરે ચોપડા વિતરણ દંડીસ્વામી આશ્રમ,ગોમતી ઘાટ,ડાકોરમાં ચાલુ છે અને માતા પિતા વિહોણા વિદ્યાર્થી દીકરા-દીકરીઓના નામ નોંધણી કરાવી શકે છે

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N.O.G. S S No. 0141.**
વિષય: "આતંકવાદ,આત્મરક્ષણ - આત્મસંરક્ષણ"
શીર્ષક: "હરામીઓને, ન કોઈ મુક્તિ!"
પ્રકાર: પદ્ય/અછાંદસ સોનેટ શબ્દો: ૧૩૫

સૂરોપૂરો, સંવાદ છોડી મીઠો, આતંકી આભડવાના;
ઢોળ્યા સંસ્કાર, હશે કોઈ મૂઢમતી, જે નથી કશાના!

ગુંડા ગર્દી, કરીને એ દુષ્ટો, કરી બીજું શું? શકવાના!
રાંડ વેશ્યા જેમ, રાન ભમતા, ઠેબેઠેબાં જ ખાવાના;

મૂકીને સૌ, હથિયાર હેઠાં, એના એજ છે થાકવાના!
સીમા પારી, કરી ધ્રુજારી, હરામના એ ક્યાં જવાના?

હૂરે હૂરો, નથી પડી રસ્તામાં, નખોદીયા શું પામવાના;
ઠેલ્યું ભાવી, જન્નત તો દૂર, દરિદ્ર દોઝખ સબડવાના!

બુદ્ધિ કુદ્રષ્ટ, ચિત્ત ભ્રષ્ટ, તેતે હરામની ઓલાદ કોના;
એને ના હોય, શરણ ધરમનું, હીન પાતક માથે લોના!

સૌ કોઈ ધ્યેયો, બને નકામાં, ભૂંડા હોય નયનો જેના;
એવા લોકો, સામે નિષ્ફળ છે, બે હાથ જોડેલ વાના!

જાતે રે'વું, સજાગ થઈને, કરીએ આત્મરક્ષણ પોતાનું!
આતંકીઓને, ન કોઈ મુક્તિ, આપીએ ક્રૂર મોત ઠેકાણું!

★લેખકનું નામ: રસિકભાઈ વ પરમાર "રવ"★

**N.O.G. S S No. 0102.**
વિષય:- આતંકવાદ, આત્મરક્ષણ ,આત્મસંરક્ષણ.
પ્રકાર :- ગદ્ય લેખ . શબ્દસંખ્યા:-૩૨૫.

કોઈ વ્યક્તિને કોઈપણ કારણ સિવાય ઘાતક રીતે મારી નાખવો તેને પરેશાન કરવું તેની સંપત્તિ લુટી લેવી આ પ્રવૃત્તિને આતંકવાદ કહી શકાય કોઈ માણસનું માર્યા સિવાય પણ શારીરિક અને માનસિક શોષણ કરવું તેને પણ ગુપ્ત આતંકવાદ કહી શકાય.

જ્યારે જ્યારે જગતમાં પાપનો વધારો થાય છે ત્યારે ભગવાનને વચન આપ્યું છે કે હું સ્વયં અવતાર ધારણ કરી અને પાપનો નાશ કરીશ .આ વચન પ્રમાણે અત્યાર સુધી ? ? ૨૧ જેટલા અવતારો. ભગવાને આ પૃથ્વી ઉપર ધારણ કર્યા છે અને આતંકવાદીઓ રાક્ષસો દાનવો વગેરેનો નાશ કરી અને પૃથ્વીને નિશ્ચિત બનાવી હતી.

તેમા રામાવતાર અને કૃષ્ણાવતાર આ મુખ્ય છે. જેમાં અનેક દાનવોનો અને રાક્ષસનો નાશ થયેલો હતો

આ કલયુગમાં પણ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રહી છે. નિર્દોષ લોકોને મારી નાખવા , ધર્મના , કોમ વગેરેના ઝઘડા ઉભા કરીને તેઓની સંપત્તિને લુંટી અને આતંક ફેલાવી અને હાહાકાર અને વિનાશક પ્રવૃત્તિ આજે પણ ચાલુ જ છે.

ભારતમાં આર્ય અને દ્રવિડ લોકોની લડાઈ ની પ્રવૃત્તિઓ પૂર્વકાળથી ચાલુ હતી ત્યાર પછી અનેક રાજાઓ થયા સમ્રાટ હર્ષ ના પછી ૧૧ મી સદી સુધી ભારતમાં રજપૂતોએ એ શાસન કર્યું ત્યાર પછી સુલતાનો આવ્યા .મોગલ અને ત્યાર પછી અંગ્રેજો ,તેઓએ ભારતની અંદર અનેક પ્રકારની આતંકવાદીઓ પ્રવૃતિ ચલાવી લોકોની જાનમાલ સંપત્તિ ધાર્મિક સ્થળો વગેરેનો વિનાશ કરી અને ધર્મ પરિવર્તન ધારણ કરાવી અને આ રીતે માનવ જાતને હેરાન પરેશાન કરી હતી.

આજે પણ દુનિયાના જુદા જુદા દેશોમાં આતંકવાદીઓ પોતાની ખતરનાક પ્રવૃત્તિઓ દ્વારા માનવજીવનના અનેક પ્રકારની હાની પહોંચાડી રહ્યા છે અને તેઓનો વિનાશ કરી રહ્યા છે. હાલમાં પહેલગામમાં ? નિર્દોષ હિન્દુ લોકોને આતંકવાદીઓએ ગોળી મારી અને હત્યા કરી નાખી .

આવી આતંકવાદી પ્રવૃત્તિ સામે લોકો પોતાનું રક્ષણ કરી શકતા નથી આત્મ રક્ષણ નો હોતો કોઈ સવાલ જ ઉત્પન્ન થતો નથી. તેઓ તાલીમ પામેલા આધુનિક શાસ્ત્રથી સહેજ હોય છે અને સામાન્ય માણસ સમજે તેની પહેલા જ તેના જાનનો ખાતમો થઈ જાય છે .સરકાર ઘણા પ્રયત્નો કરે છે પરંતુ આ આતંકવાદીઓ સામેનો જંગ આજે પણ ચાલુ છે .પાકિસ્તાન ઉપર ભારત સરકાર અનેક પ્રકારની પ્રતિબંધો અને લડાઈ માટેની ધમકી આપે છે. જોઈ જોઈએ શું થાય છે? આતંકવાદ બંધ થાય તો દુનિયામાં શાંતિ પથરાશે.

રતીલાલ વાયડા

# કપોળ ભાવનાથી પોષાયેલા: હિતેનભાઈ ભુતાનું લાઈફટાઈમ એચિવમેન્ટ સન્માન






કપોળ વૈષ્ણવ સમુદાયની શાશ્વત મૂલ્યોની પ્રેરણાથી પોષાયેલા હિતેન ભુતાને તાજેતરમાં ટેમ્પા, ફ્લોરિડામાં યોજાયેલી ઈન્ડો-યુએસ ચેમ્બર ઓફ કોમર્સ બનીયન બૉલમાં ×લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ×થી સન્માનિત કરવામાં આવ્યા. આ અવસરે અમેરિકાના હોટેલ, હેલ્થકેર, ટેકનોલોજી અને નાગરિક ક્ષેત્રના લગભગ ૪૦૦ અગ્રગણ્ય નેતાઓએ ઉત્કૃષ્ટતા, નેતૃત્વ અને સેવાને ઉજવી હતી.

મેયરો, કોન્સ્યુલેટ જનરલો, સીઈઓ અને નવી પહેલ કરનારા ઉદ્યોગકારોની હાજરીમાં મળેલો આ એવોર્ડ માત્ર હિતેનભાઈ માટેનો વ્યક્તિગત ગૌરવ નથી; તે કપોળ ભાવનાનું ગૌરવપ્રતીક છે — જ્યાં વિનમ્રતા, ઉદ્યોગશીલતા, સેવા અને ભક્તિના મૂળ ઊંડે સુધી જોડાયેલા છે.સૌરાષ્ટ્રની ધરતીથી વૈશ્વિક મંચ સુધી

ગુજરાતના અમરેલી જિલ્લાના દામનગર ગામમાં જન્મેલા હિતેન ભુતાએ બાળપણમાં હકાણી પરિવારના પ્રેમ અને પરંપરાઓનો અનુભવ કર્યો. હિતેનભાઈ બાળપણના દરેક વેકેશન સૌરાષ્ટ્રના જીવન અને સંસ્કૃતિમાં નિમગ્ન થઈને વિતાવતા. તેમના મામા ચીમનલાલ હકાણીએ જીવનના દરેક પગલાએ માર્ગદર્શન આપીને તેમનું સર્વાંગી વિકાસમાં યોગદાન આપ્યું.સિહોર, રાજુલા, મહુવા અને અમરેલી જેવા સ્થળોએ પ્રાપ્ત થયેલા જીવન મૂલ્યોએ તેમને શ્રદ્ધા, મહેનત અને સમાજસેવાની મજબૂત ભાવના આપી. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરીને અને ગુજરાતી, હિન્દી, મરાઠી અને સંસ્કૃત ભાષામાં નિપુણતા હાંસલ કર્યા બાદ અંગ્રેજી શીખેલા હિતેનભાઈ સાબિત કરે છે કે જ્યારે મૂલ્યો મજબૂત હોય ત્યારે ભાષા ક્યારેય અવરોધ બની શકતી નથી.

કુટુંબ, શ્રદ્ધા અને સેવા દ્વારા ઘડાયેલી સફર

એવોર્ડ સ્વીકારતી વેળાએ હિતેનભાઈએ જણાવ્યું કે આ એવોર્ડ માત્ર તેમનો નહીં, પણ દરેક કપોળ પરિવારનો છે, જે પરંપરા અને નવીનતાનો સરસમજ સન્મિલન કરે છે.

તેમણે સાયબરવેબ હોટેલ્સના સહ-સ્થાપક અને તેની પાછળનું ગતિશીલ બળ, તેમના ભાઈ ભાવિશ ભુતા અને તેમની બહેન વૈશાલી અજય વોરા પ્રત્યે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો, જેમની પ્રેરણા અને અતૂટ સમર્થનથી સાકાર ફાઉન્ડેશન અને આજે પણ જીવનને સ્પર્શતી ઘણી સમુદાય પહેલની રચના થઈ.

મુંબઇના મીઠીબાઈ કોલેજ અને સોમૈયા કોલેજ તેમજ ત્યારબાદ આઈઆઈએમ અમદાવાદ અને આઈઆઈટી બોમ્બેના મેનેજમેન્ટ સ્કૂલમાં અભ્યાસ કરીને તેમણે વૈશ્વિક દ્રષ્ટિ વિકસાવી, છતાં તેમની નેતૃત્વશૈલીમાં સૌરાષ્ટ્ર અને કપોળ સંસ્કારનું ઊંડાણ હજુ પણ સ્પષ્ટ જોવા મળે છે.

પારિવારિક બંધન: ઉજવણી પાછળની શક્તિ

આ ગર્વની ક્ષણમાં હિતેનભાઈ સાથે તેમના સસરા ચંદ્રકાંતભાઈ સંઘવી પણ જોડાયા હતા, જેઓ મૂળ અમરેલીના છે અને આદરણીય પ્રેમાળ, વિશાળ હાવા કમળશી વંશના, જેમનું જીવન કપોળ પરંપરાના કાલાતીત ગુણોને પ્રતિબિંબિત કરે છે. તેમના સાસુ પ્રફુલ્લા સંઘવી પણ હાજર હતા, જેઓ મૂળ રાજુલાના હતા, જેઓ તેમના ઊંડા સાંસ્કૃતિક મૂળ અને સમુદાય યોગદાન માટે જાણીતા આદરણીય પારેખ પરિવારનું પ્રતિનિધિત્વ કરે છે. તેમના બનેવી, અજયભાઈ જગમોહનદાસ વોરા, જેઓ મહુવાના વારસાને આગળ ધપાવે છે, અને પિતરાઈ સાળા કલ્પેશભાઈ પારેખ, જેઓ જાફરાબાદ અને રાજુલાની અવિરત કપોળ પરંપરાઓમાં ગર્વ ધરાવે છે. તેમણે પણ આ અર્થપૂર્ણ સિદ્ધિની ઉજવણીમાં આનંદપૂર્વક ભાગ લીધો હતો.આ તમામ પરિવારજનોની હાજરીએ પ્રેમ, એકતા અને પેઢીદર પેઢી ચાલતી કપોળ પરંપરાનું પ્રતિબિંબ ઉજાગર કર્યું.સમાજને આપવું: સમાજ માટે આજીવન પ્રતિબદ્ધતાગ્લોબલ કપોળ વિકાસ અને કપોળ સાદી ડોટ કોમ જેવી પહેલો દ્વારા હિતેન ભાઈ અને તેમના પત્ની અલ્પાબેન ભુતાએ સમુદાયને પાછું આપવા માટે મજબૂત પ્લેટફોર્મ ઉભા કર્યા છે - જે કૃતજ્ઞતા અને તેમને આકાર આપનાર સમુદાય પ્રત્યે પરત આપવાની અભિવ્યક્તિરૂપ છે. આ વારસો હિતેનભાઈના માતા - પિતા અને ભુતા પરિવારએ સોંપ્યો છે.

આજે નિરંજનભાઈ શેઠ, મુકેશભાઈ મહેતા, કપિલભાઈ મહેતા, કિરીટભાઈ પારેખ, અલ્કાબેન મહેતા, ફાલ્ગુનીબેન દોશી, બીનાબેન ગોરડિયા, જય અને હિરલ શેઠ, સ્વાતિબેન વોરા અને ગ્લોબલ કપોળ વિકાસના અન્ય સહયોગીઓ સાથે મુંબઈ, સિહોર, રાજુલા, મહુવા અને અમરેલી જેવા વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વિવિધ પહેલો ચલાવવામાં આવી રહી છે. જે શૈક્ષણિક સહાય, આરોગ્યસંભાળ અને સાંસ્કૃતિક ઉજવણીઓને મજબૂત બનાવવાનું અને સૌરાષ્ટ્ર સાથેના અતૂટ બંધનને ફરીથી મજબૂત બનાવવાનું તથા કપોળ પરિવારોની આગામી પેઢીને ઉત્થાન આપવાનું કાર્ય કરે છે.

સંધ્યા દરમિયાન, હિતેનભાઈ ને એક પ્રિય યાદ ય આવી - એક એવોર્ડ જે તેમને ઘણા દાયકાઓ પહેલાં - કપોળ ઈન્ટરનેશનલ ઈવેન્ટમાં ગોપાલભાઈ પારેખ દ્વારા આપવામાં આવ્યો હતો. આ પ્રારંભિક માન્યતાએ તેમને માત્ર સન્માનિત કર્યા એટલું જ નહી પરંતુ હિતેનભાઈ અને તેમના પરિવારને કપોળ સમુદાયના પ્રોજેક્ટ્સ અને કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લેવા માટે પ્રેરણા અને પ્રોત્સાહિત પણ કર્યા. જે સંબંધોને મજબૂત બનાવે છે અને પેઢીઓને ઉત્થાન આપે છે.

દરેક કપોળ હૃદય માટે ગૌરવનો અવસર હિતેનભાઈ ભુતાને મળેલું લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ માત્ર વ્યક્તિગત સફળતાનું પ્રતીક જ નથી, પણ કપોળ ભાવનાની અવિરત પ્રયત્નશીલતા, ઉદ્યોગશીલતા અને સેવાની ભાવનાનું જીવંત સન્માન છે.

સૌરાષ્ટ્રની પવિત્ર ધરતીથી વૈશ્વિક મંચ સુધી પહોંચેલી આ યાત્રા દર્શાવે છે કે જ્યાં કપોળ હૃદયમાં પ્રેમ, ભક્તિ અને સાહસ હોય, ત્યાં સફળતા અને ગૌરવ પહોંચે જ છે.

# ૪ મે, વિશ્વ હાસ્ય દિવસ



૧૧ જાન્યુઆરી ઈ.સ ૧૯૯૮માં ડૉ.મદન કટારીયા દ્વારા મુંબઈમાં વિશ્વ હાસ્ય દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. હાસ્ય એક યોગની જેમ વ્યક્તિને ઊર્જાવાન બનાવવાની સાથે સમાજમાં શાંતિ, ભાઈચારો અને સદભાવના વધે એ સાથે તેવા ઉદ્દેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં ખુશહાલી ફેલાવવા માટે દર વર્ષે મેના પહેલા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ હાસ્ય દિવસ ૪ મે, ૨૦૨૫ ના રોજ મનાવવામાં આવશે. ડૉ.મદન કટારીયા પોતાના એક અનુભવમાં જણાવે છે કે હાસ્ય અસરકારક દવા છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલી એક વાત કરું, આંધ્રપ્રદેશમાં વિશ્વમોહન નામના એક વ્યક્તિ હતા. તે હાસ્ય યોગથી જોડાયા પહેલાં તેમને લગભગ દરેક પ્રકારની બીમારી હતી, અને તે હસનાર વ્યક્તિઓથી ખૂબ જ ચીડાતા હતા. એક વખત મારા લાફ્ટર ક્લબના મેમ્બરે તેમને અમારા ક્લબમાં બોલાવ્યા તો તે શરૂઆતમાં તો મન વિના આવતા હતા, પરંતુ ક્લબમાં આવ્યાં બાદ છેલ્લાં ૨૦ વર્ષમાં જે બદલાવ ન આવ્યો તે બદલાવ છ મહિનામાં જ દેખાવા લાગ્યો. તેમની હેલ્થ વધુ સારી થતી ગઇ. તે રોજ ઘણી દવાઓ લેતા હતા. પરંતુ છેલ્લા છ મહિના બાદ તેમની દવાઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો. હસવું એ એક ઉપચારનું સૌથી સુખદ સ્વરૂપ છે. તેમાં ફક્ત તમારા આત્માને જ નહીં પણ તમારા શરીરને પણ સાજા કરવાની શક્તિ છે. તે આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને દૂર કરે છે અને રોગપ્રતિકારક શક્તિને વેગ આપે છે. તે પીડા, તાણ અને સંઘર્ષ માટેના મારણનું કામ કરે છે. તમે કદાચ આ વાક્ય સાંભળ્યું હશે, 'હાસ્ય એ શ્રેષ્ઠ દવા છે.' જ્યારે પણ તક મળે ત્યારે હસો, જ્યારે લોકો તમને રમૂજી દેખાવ આપે ત્યારે પણ હસવાનું બંધ ન કરો. હાસ્ય એ વૈશ્વિક ભાષા છે. તે આશાને પ્રેરણા આપે છે, તમને અન્યથી જોડે છે. એ ગુસ્સો મુક્ત કરવામાં અને વહેલા માફ કરવામાં મદદ કરે છે. ફક્ત એક સરળ સ્મિત અથવા સહેજ હરકતો એ આસપાસના વાતાવરણ અને મૂડને સંપૂર્ણપણે બદલી શકે છે. હાસ્યમાં રૂઝ આવવા અને નવીનીકરણ કરવાની શક્તિ છે. એક અંદાજ મુજબ દિવસમાં ૧૫ મિનીટ હસવાથી ૯૨% બીમારીઓથી રાહત મળે છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થ સાથે જોડાયેલ પ્રક્રિયા છે. જે વ્યક્તિ જીવનમાં હાસ્યનું મહત્વ સમજીને તેને યોગ,પ્રાણાયામની માફક જો હાસ્ય થેરાપીને જો પોતાના જીવનમાં ઉતરશે તો ઘણા ખરા રોગોથી બચી શકાય છે. વર્તમાન સમયમાં તો કોરોનાનાં કારણે ચારેય દિશાઓમાં ફેલાયેલ નકારાત્મકતા અને ડરને દુર કરવા માટે આ થેરાપી માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે મદદરૂપ નીવડી શકે છે.

હસતે હસતે, કટ જાયે રસ્તે...
ઝીંદગી યું હી ચલતી રહે.

- મિત્તલ ખેતાણી

# સીબીઆઈ અમારા કહ્યામાં નથી કોના કહ્યામાં છે અને કોના કહ્યામાં છે તેની ખબર નથી!

ગિરધરલાલ,માફી માંગો.' રાજુ રદીએ ચૂંટણી પ્રચારમાં કોઇ નેતા લાલ આંખ કરીને ગરજી ગરજીને ઉછળી ઉછળીને વિપક્ષોને માફી માંગવા માટે કહે તેવી આક્રમકતા દર્શાવી રહ્યો હતો.

'રાજુ, તારું મગજ ઠેકાણે છે ? પચ્ચીસ રૂપિયાની પોટલીની અસરમાં ગમે તે બકે છે?' મેં રાજુને ખખડાવ્યો.

' એટલે તમે મારા પર આરોપ મુકો છો કે હું દારૂડિયો છું?' રાજુએ લથડતા અવાજે હોઠ પર આંગળી મુકી ચૂપ રહેવાની મુદ્રા કરી પૂછયું.

' રાજુ, તારા હાલહવાલ જ તારી સ્થિતિ બયાન કરે છે. મારે કયાં હીંગ કે ફટકડી કહેવાની જરૂર છે.' મે રાજુને આયનો ધર્યો.

' ગિરધરલાલ, આ તો ઈલેકશન ચાલે છે. ઉમેદવારના ટેકેદારો ઘરના દરવાજે રાત્રે વગર નાતાલે સાંતાકલોઝની જેમ વાઇન બોટલ મુક્તા જાય છે. બોટલ અસલી છે કે નકલી તેનું ટેસ્ટિંગ કરતા કરતાં બાટલી ખાલી કરૂં છું કેવો કડવો સ્વાદ હોય છે સંસાર જેવો!' જેણે સંસાર માંડ્યો નથી તે સંસારના સ્વાદ વિશે નુકતેચીની કરે છે. સંસારની જવાબદારી નિભાવવાના બદલે પલાયન થઈ પલાયનબાબા બનતાં ઢોંગીઓ સંસારની સમસ્યા વિશે અંભભકતોને માર્ગદર્શન આપે છે. અંધભકતોનો ઈજારો માત્ર રાજકારણનો નથી!

' રાજુ એ તો ઠીક છે, પરંતુ, મારે કંઇ વાતની માફી માંગવાની? ' મેં મારી મૂંઝવણ વ્યક્ત કરી. સંવત્સરીએ તો સૌને મિચ્છામિ દુકકડમ કહીએ છીએ. અન્ય દિવસોએ માફીજીવી થઈને માફી માંગવાની? ભૂલ કરી હોય તો માફી માંગીએ એ બરાબર છે. ભૂલ વગર પણ માફી માંગવાની ?' હું બરાબર ઉકળ્યો હતો.

' ગિરધરભાઇ તમે લોકશાહીના પાયાને કુઠુરાઘાત કરો છો. લોકશાહીને તાર તાર કરો છો. તમને તમારા કુકર્મો પર શરમ આવવી જોઇએ' રાજુ નક્કી ગોબર પાત્રાનું એંઠું પાણી પી ગયો હોય તેમ આક્રમક થતો હતો.

' રાજુ, તારી ભૂલ થતી હોય એવું લાગે છે. બખડજંતર ચેનલના રિપોર્ટર તરીકે ઓન એર કે ઓફ એર પર પણ લોકશાહી વિશે ઘસાતું બોલ્યો નથી. મારો ટ્રેટ રેકોર્ડ સાફસુથરો છે. હું ગંગા મૈયા જેટલો પવિત્ર છું!' મે સોલિડ સ્પષ્ટતા કરી.

' ગિરધરલાલ, તમે સ્વાયત્ત સંસ્થાની કામગીરી, કાર્યશૈલી, નિષ્પક્ષતા વિશે ઊડઝૂડ ઝૂડ્યે રાખો છો.' રાજુના પંડમાં ગૌરવ ભાટિયા પ્રવેશ્યા કે શું?

' રાજુ, તું મારા વિશે અનાપસનાપ બોલે છે. તું ઈલેકશન મોડમાં આવી ગયો છે. સાહેબની જેમ ફેંકમફેંક કરે છે. હું તારો સિનિયર છું એ ન ભૂલતો. ચૂંટણી તો આવે અને જાય. આપણે શું કામ લોહી ઉકાળો કરી સંબંધ બગાડવાના ?' રાજુને સમજાવ્યો.

' ગિરધરલાલ તમે વિપક્ષોની જેમ સીબીઆઈ, ઈડી, ઈન્કમટેકસ સરકારના વાજા છે. આ સંસ્થાની ચોટલી સરકારના હાથમાં છે. સરકારના વાજિંત્રો સરકારના ઈશારે વિપક્ષો પર પૂરી તાકાતથી કાર્યવાહી કરી વિપક્ષમુકત ભારત કરવાની સરકારની મન્શા છે તેવો મનઘડંત આક્ષેપ કરો છો!' રાજુએ હવે હદ વટાવી . રાજુને પરણાવવાની લાલચ આપીને મારી વિરૂધ્ધ કરી નાંખ્યો કે શું?

' રાજુ, ધુમાડો હોય ત્યાં આગ હોય.ક્યારેક સૂકા જોડે લીલું બળે. ચૂંટણી સમયે સરકારી એજન્સીએ શું કામ સક્રિય થતી હશે. જે કેસ દસ ચામાચિડીયાની જેમ વરસથી ઉંધો લટકતો હોય એ કેસમાં ચૂંટણી દરમિયાન સરકારી એજન્સીઓ અસાધારણ ઉતાવંળ કરે તો કોઈને શંકા જાય કે નહીં?' મેં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો.

' ગિરધરલાલ, વિપક્ષો કામ જ એવા કરે છે કે સીબીઆઈ, ઈડી, ઈન્કમટેકસે વિપક્ષ પર ધોંસ બોલાવી પડે છે. સરકારની સામે બખાળો કરે તો સરકારી એજન્સીને ખુન્નસ ચડે કે નહીં?જેનું નમક ખાધું હોય તેની તરફ વફાદારી દાખવવી એ પણ એક દાયિત્વનો પ્રકાર છે.'રાજુએ સરકારી એજન્સીનો બચાવ કર્યો.

' રાજુ સરકારી એજન્સીઓએ તો દેશના કાનૂન, નીતિનિયમ, હુકમો , પૂર્વદ્રષ્ટાંત વગેરે ધ્યાને લઈને કામ કરવાનું હોય. જુલિયસ સિઝરની પત્ની જેમ સરકારી એજન્સીઓ પણ શંકાથી પર હોવી જોઇએ ' અમે સરકારી સંસ્થાની કાર્યશૈલીમાં પારદર્શીતા જરૂરત સમજાવી.

' ગિરધરલાલ, સરકાર માઇ બાપ કહે છે કે અમારા છોકરા અમારાથી અલગ રહે છે અને અમારા કહ્યામાં નથી. તે કોના કહ્યામાં છે તેની ખબર નથી. ખબર પડયેથી તેની ખબર કરી દઈશું.તે સ્વતંત્ર અને પુખ્ત છે. એના કોઈ પણ વ્યવહાર અંગે અમારી કોઈ જવાબદારી નથી તેની લાગતા વળગતાએ કાનૂની ગેરકાનૂની નોંધ લેવી. અન્યથા તેની જવાબદારી તમારી અને તમારી રહેશે સરકારે આવું હલફનામું સર્વોચ્ચ અદાતમાં પેશએખિદમત કરેલ છે! આનાથી વધુ કયા પ્રકારની સાબિતી કે પુરાવા જોઈએ છે તમારે ? મતલબ કે સરકારી એજન્સી સ્વતંત્ર છે, નિષ્પક્ષ છે. કોઈની શેહમાં કામ કરતી નથી. એજન્સીઓની કામગીરીમાં સરકારનો સીધો હસ્તક્ષેપ કે દોરીસંચાર હોતો નથી. અલબત, એજન્સીઓ સરકારને વહાલી થવા પક્ષપાતપૂર્ણકામ કરે તો સરકાર માઇ બાપ આડા હાથ થોડા દઈ શકે?' રાજુએ અકાટય સવાલ કર્યો!

' રાજુ, આ બધુ જવાબદારીનું પલ્લું ઝાડવાની કોશિશ છે.' અમે કહ્યું.

' ગિરધરલાલ, તમે ગાંધારી છો. આંખ પર જાતે જ પાટા બાંધી દુનિયા અંધારી છે તેમ ચિલ્લાઓ છો. તમને સરકાર તો શું ભગવાન પણ બચાવી ન શકે.' રાજુએ અમારી શાહમૃગ નીતિ પર પ્રહાર કર્યો.

' રાજુ. માની લઈએ કે તારી વાત સાચી છે. તારી દલીલમાં રેતી ઓછી અને સિમેન્ટ વધારે છે. પરંતુપ..' અમે અટક્યાં .

' પણ શું? પાછું નવું પદક કાઢ્યું ' રાજુ અકળાયો.

' રાજુ, સુપ્રિમ કોર્ટે સીબીઆઇને સરકારી તોતા કહ્યો છે એનું શું?' અમે રાજના મનના શાંત જળમાં કંકર માર્યો!

' હે..હેપ હેપ' કરતો આડી ફાટેલી કોઠીની માફક રવાના થયો.

ભરત વૈષ્ણવ

# "ગૌ ટેક - ૨૦૨૫ – ગૌ મહાકુંભ'' ના આયોજન અંગે "વિચાર ગોષ્ઠિ''નું જય મુરલીધર ફાર્મ, રાજકોટ ખાતે ૩૦૦ જીવદયા પ્રેમીઓની ઉપસ્થિતીમાં સફળતા પૂર્વક આયોજન

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈના સમૃદ્ધ ભારત, શ્રેષ્ઠ ભારત, ભવ્ય ભારત અને દિવ્ય ભારતના સ્વપ્નને સાકાર કરવાના પવિત્ર ઉદ્દેશ્યથી આંતરરાષ્ટ્રીય સંસ્થા "ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ'' જીસીસીઆઈ અને "દેવરાહા બાબા ગૌ સેવા પરિવાર''ના સંયુક્ત ઉપક્રમે જયપુરમાં આગામી ૩૦ મે થી ૨ જૂન ૨૦૨૫ જૂન વચ્ચે વિદ્યાધર નગર સ્ટેડિયમ, જયપુર ખાતે ગૌ આધારિત વૈશ્વિક શિખર સંમેલન અને પ્રદર્શની "ગૌ ટેક - ૨૦૨૫ - ગૌ મહાકુંભ'' નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જય મુરલીધર ફાર્મ, ન્યુ ૧૫૦ ફિટ રિંગ રોડ,રાજકોટ ખાતે "ગૌ ટેક - ૨૦૨૫ – ગૌ મહાકુંભ'' સંદર્ભે જીસીસીઆઈના સ્થાપક અધ્યક્ષ અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ તેમજ પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ.વલ્લભભાઈ કથીરિયાની અધ્યક્ષતામાં વિરાભાઈ રાજાભાઈ હુંબલના સૌજન્યથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જીસીસીઆઈ ના જનરલ સેક્રેટરી રમેશભાઈ ઘેટીયાએ ગૌ ટેક – ૨૦૨૩ ની સફળતા વિશે જણાવ્યુ જેમાં લાખો લોકોએ ભાગ લીધો હતો અનેક સ્ટાર્ટઅપ્સનું રોકાણ મળ્યું અને અનેક નવીનતાઓને માન્યતા મળી, તે આ વર્ષના "ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભ'' માટે પ્રેરણાસ્ત્રોત બની છે. તેમજ લોકોને આ "ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભ''માં સ્ટોલ હોલ્ડર અથવા તો વીઝીટર તરીકે ખાસ પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રાજકોટના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા એ "ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભ'' વિશે વાત કરતાં જણાવ્યુ કે આ વૈશ્વિક શિખર સંમેલનમાં યુવાનો, ઉદ્યોગકારો, સરકારો અને નીતિ નિર્માતાઓને દેશભરમાં વિકસિત થયેલી ગૌ ઉદ્યોગિતા તકનીકો, ઉત્પાદન મશીનરી, ગૌ જ્ઞાન, ગૌ વિજ્ઞાન અને ગૌ આધારિત આધ્યાત્મિક જીવન સંસ્કૃતિથી અવગત કરવામાં આવશે. અગાઉ ૨૦૨૩માં ગુજરાતના રાજકોટમાં ગૌ ટેકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું




જેની સમગ્ર દેશમાં પ્રશંસા થઈ. તે ઉપરાંત આગામી દિવસોમાં ગૌમાતા પોષણ યોજના અંતર્ગત ગૌશાળા / પાંજરાપોળોને રૂપિયા ૩૦ ને બદલે રૂપિયા ૧૦૦ કરવામાં આવે તેના માટે તેઓ હમેશા ગૌ પ્રેમી જનતાની સાથે છે. ગીર ગૌ જતન સંસ્થાન, ગોંડલ ના સ્થાપક અને જીસીસીઆઈ ના કારોબારી સભ્ય રમેશભાઈ રૂપારેલીયા એ ગાય ના ગોબર અને ગૌ મૂત્રમાં રહેલા ફાયદાઓ અને તેના થકી આગામી દિવસોમાં થનારી ક્રાંતિ ની વાત કરી તેમની કાર્યપ્રણાલી વીશે વાત કરી હતી.

ગૌ ટેક – ૨૦૨૩માં આયોજક તરીકે ભૂમિકા ભજવનાર રમેશભાઈ ઠકકરે જણાવ્યુ હતું કે ગાય માતાનો સ્પર્શ મન અને મસ્તિષ્કને શાંતિ આપે છે. જ્યારે આપણે ગાયને સ્પર્શ કરીએ છીએ અથવા તેને હગ કરીએ છીએ ત્યારે એક અનોખી પોઝિટિવ ઊર્જા શરીર અને મનમાં પ્રસરે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી પણ ગાયના શરીરથી ઉત્પન્ન થતી તાપમાન અને ચુંબકીય શક્તિથી તણાવ ઘટાડે છે. તે જ રીતે, આધ્યાત્મિક રીતે પણ ગાયને કરુણાભાવે હગ કરવું એ માતૃત્વભર્યા પ્રેમ સાથે જોડાવાનું રૂપ છે, જે માનવ જીવનમાં સંતુલન અને શાંતિ લાવે છે.

આર.એસ.એસ.ના કિશોરભાઈ મુંગલપરાએ વીશેષ જણાવ્યુ હતું કે વર્તમાન સમયમાં આપણે સૌએ આજના સમયમાં ગૌ આધારિત જીવનશૈલી અપનાવવી એ માત્ર પરંપરા નથી, પણ આ સમગ્ર માનવજાત માટે એક આશીર્વાદરૂપ માર્ગ છે. ગૌમાતાના પંચગવ્ય થી બનતા ઉત્પાદન – જેમ કે ગૌમૂત્ર, દૂધ, દહીં, ઘી અને ગોબર – આરોગ્ય માટે અમૃત સમાન છે. આપણે વધુમાં વધુ ઓર્ગેનિક ઉત્પાદનો અને પંચગવ્ય આધારિત વસ્તુઓનો ઉપયોગ કરીએ તો આપણે સ્વસ્થ જીવનશૈલી અપનાવી શકીએ અને દેશની આર્થિક સ્વાવલંબન યાત્રામાં યોગદાન આપી શકીએ. તેમજ ડો.કથીરિયાના ગૌમાતા પ્રત્યેના પ્રેમ, કરુણા, કટિબદ્ધતા તન – મન – ઘનથી સેવાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. પૂર્વ કેન્દ્રિય મંત્રી અને જીસીસીઆઈના સ્થાપક ડૉ. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યુ કે ભારતીય સંસ્કૃતિમાં ગૌમાતાને "કામધેનુ'' તરીકે માનવામાં આવે છે. તેમના દુધ, ગૌમૂત્ર અને ગોબરથી આરોગ્ય, ખેતી, ઊર્જા, સ્વચ્છતા, જૈવિક પર્યાવરણ અને આર્થિક સશક્તિકરણના વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદનો બની રહ્યાં છે. "ગૌ ટેક ૨૦૨૫ - ગૌ મહાકુંભ'' એ તમામ શક્યતાઓને એક જ મંચ પર લાવીને યુવાનો, મહિલાઓ, ગૌશાળાઓ, સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ વચ્ચે સંવાદ અને સહયોગનું વાતાવરણ ઊભું કરશે. "ગૌ ટેક'' એ ગૌ આધારિત ઉદ્યોગો માટે ન માત્ર ભારતમાં પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી મોટું મંચ બની રહ્યું છે. આ કાર્યક્રમ એક ઐતિહાસિક પ્રયત્ન છે જેમાં સંસ્કૃતિ પરંપરા, ટેકનોલોજી અને નવીનતાનોઓનું મિશ્રણ જોવા મળશે. ભાભર થી ઉપસ્થિત પૂજ્ય એલ.ડી.ઠકકરજી એ "ગૌ ટેક - ૨૦૨૫ – ગૌ મહાકુંભ'' સફળ થવા માટે આર્શીવાદ આપ્યા અને આવા ગૌ ટેક દરેક વર્ષે વર્ષે દેશના અલગ – અલગ રાજ્યો માં થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ બેઠકમાં જીવદયા પ્રેમી ધારાસભ્યશ્રી પ્રકાશભાઈ વરમોરા એ ઓનલાઈનના માધ્યમથી "ગૌ ટેક - ૨૦૨૫ – ગૌ મહાકુંભ''ને સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને તેઓ હર હમેશ જીવદયા ના કાર્યો માટે સાથે છે તેવું આશ્વાસન આપ્યું હતું. જીસીસીઆઈના અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરિયા તેમજ "ગૌ ટેક - ૨૦૨૫ – ગૌ મહાકુંભ''ના વાઈસ ચેરમેન ભારત રાજપુરોહિત દ્વારા ઓનલાઇન આ વિચાર ગોષ્ઠિમાં ઉપસ્થિત ગૌ પ્રેમી, જીવદયા પ્રેમી, ગૌ સેવકો, સમાજસેવકો ને "ગૌ ટેક - ૨૦૨૫ – ગૌ મહાકુંભ''માં પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાજકોટ ના પૂર્વ સાંસદ શ્રી રામજીભાઈ અને રમાબેન માવાણી, હંસરાજભાઈ ગજેરા, નરેન્દ્રભાઈ દવે, મુરલીભાઈ દવે,નરેન્દ્રભાઈ ડવ, વિનોદભાઈ કાછડીયા, રમેશભાઈ ઠક્કર, રમેશભાઈ રૂપારેલીયા, દિલીપભાઈ સખીયા, પ્રતિકભાઈ સંઘાણી, અશોકભાઈ ગિડા, ડો.રમેશભાઈ કોઠારી, ધીરુભાઈ કાનાબાર, પી.પી.વ્યાસ, વીરાભાઈ હુંબલ, છગનભાઈ કથીરિયા, હરેશભાઈ પંડ્યા,નુતનભાઈ સાવલિયા,સુભાષભાઈ સાવલિયા, જગદીશભાઈ કપુરિયા,નરેન્દ્રસિંહ જાડેજા, શશીભાઈ જોશી, અરુણભાઈ નિર્મળ, લલિતભાઈ વડેરિયા, વિપુલભાઈ રાઠોડ, અલ્પેશભાઈ કવૈયા,પ્રો. કવન, સુરેશભાઈ પરમાર, રાજેશભાઈ ગોંડલિયા, પ્રકાશભાઈ સોલંકી, પ્રવીણભાઈ પરસાણા, દિલીપભાઈ કલોલા, ગોપાલભાઈ પટેલ,કિશોરભાઈ પાંભર, ગિરીશભાઈ પરમાર, પૃથ્વીસિંહ જાડેજા, ઉત્તમભાઈ જાની, રણજીતસિંહ ઠાકુર, રતિભાઈ ઠુમર, ગુણવંતભાઈ ભટ્ટ, ચંદ્રેશભાઈ પટેલ, કાંતાબેન કથીરિયા, રમાબેન હેરભા, રેશ્માબેન સોલંકી, અવનીબેન, રંજનબેન ઠાકર, ડિમ્પલબેન ખેતાણી સહિતના ૩૦૦ જીવદયા પ્રેમી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગરવાસીઓ ખાસ વાંચે આ સામચાર, આ વિસ્તારમાં રહેશે ત્રણ દિવસ રહેશે વીજ કાપ




૫ મેએ જૂનાબંદર રોડ, શ્રીરામ ટીમ્બર સહિતના વિસ્તારોમાં વીજકાપ રહેશે. ૬ મેએ વાલકેટ ગેટ, પોર્ટ કોલોની વિસ્તારોમાં વીજકાપ રહેશે. ૭ મેએ પ્રેસ રોડ, વાલકેટ ગેટ સહિતના વિસ્તારોમાં વીજકાપ રહેશે. આ તમામ વિસ્તારોમાં સવારે ૬થી ૧૧ સુધી વીજકાપ રહેશે , જે બાદ વીજ પુરવઠો પૂર્વવત થઇ જશે.મહત્વનું છે કે રાજયના અલગ-અલગ વિસ્તારોમાં મેઈન્ટેનન્સ કામગીરીને લઈને હાલ વીજકાપ અપાઇ રહ્યો છે.. ટોરેન્ટ પાવર દ્વારા તેના વીજપુરવઠા સપ્લાય વિસ્તારમાં આવતા લોકોને મેસેજ દ્વારા જાણ કરીને વીજકાપ મેઈન્ટનન્સની કામગીરી માટે નિર્ધારિત કલાકો માટે વીજકાપ અમલમાં મુકાયછે.

# પાકિસ્તાનની અવળચંડાઈ : નવ દિવસથી સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન, ભારતે આપ્યો મુંહતોડ જવાબ



જમ્મુ : ગત ૨૨ એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલા બાદથી પાકિસ્તાન સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાન છેલ્લા ૯ દિવસથી જમ્મુ અને કાશ્મીરની નિયંત્રણ રેખા (ન્ઝ્ર) પર ગોળીબાર કરવાનું બંધ કરી રહ્યું નથી. માહિતી અનુસાર કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ ભારતીય સેના પણ યોગ્ય જવાબી કાર્યવાહી કરી રહી છે.ભારત-પાકના સંબંધો કડવાશભર્યા બન્યા : પહેલગામની બૈસરન ખીણમાં આતંકવાદીઓ દ્વારા લગભગ ૨૬ નિઃશસ્ત્ર પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જેના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો ફરી એકવાર કડવાશભર્યા બન્યા. ભારત પાકિસ્તાનને યુદ્ધવિરામ ઉલ્લંઘન અંગે સતત ચેતવણી આપી રહ્યું છે, પરંતુ પાકિસ્તાન ગોળીબાર કરીને ઉશ્કેરણી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.નવ દિવસથી સતત સીઝફાયરનો ભંગ : ભારતીય સેનાના સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ૨ અને ૩ મે ૨૦૨૫ ની રાત્રે પાકિસ્તાની સેનાએ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર સેક્ટરની સામે નિયંત્રણ રેખા પર નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો હતો.

# મને એક સુસાઈડ બોમ્બ આપો હું... તણાવ વચ્ચે કર્ણાટકના મંત્રીનું નિવેદન વાયરલ

૨૨ એપ્રિલના રોજ, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા ૨૬ પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા રેઝિસ્ટન્સ ફ્રન્ટ ) એ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ યથાવત છે. દરમિયાન, કર્ણાટકના ગૃહનિર્માણ અને લઘુમતી મંત્રી ઝમીર અહેમદ ખાનનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં તેઓ પડોશી દેશ સામે યુદ્ધ કરવા માટે આત્મઘાતી બોમ્બ સાથે પાકિસ્તાન મોકલવાની માંગ કરી રહ્યા છે. શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ખાને કહ્યું કે પાકિસ્તાન હંમેશા ભારતનું દુશ્મન રહ્યું છે અને જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તેમને પરવાનગી આપે તો તેઓ યુદ્ધમાં જોડાવા માટે તૈયાર છે.કર્ણાટકના મંત્રી ઝમીર અહેમદ ખાને કહ્યું, 'આપણે ભારતીય છીએ, આપણે હિન્દુસ્તાની છીએ.' પાકિસ્તાનનો આપણી સાથે ક્યારેય કોઈ સંબંધ રહ્યો નથી. પાકિસ્તાન હંમેશા આપણું દુશ્મન રહ્યું છે... જો મોદી, અમિત શાહ અને કેન્દ્ર સરકાર મને પરવાનગી આપે તો હું પાકિસ્તાન જઈને યુદ્ધ લડવા તૈયાર છું. તેણે વડાપ્રધાન મોદી અને અમિત શાહને એક આત્મઘાતી બોમ્બ આપવા કહ્યું, જેને તે પોતાના શરીર સાથે બાંધીને પાકિસ્તાન જઈને તેમના પર હુમલો કરે.ઝમીર અહમદ ખાને કહ્યું, 'જો યુદ્ધ થાય તો હું તૈયાર છું.' એક મંત્રી તરીકે, હું કહી રહ્યો છું કે હું પાકિસ્તાન સાથે યુદ્ધ લડવા માટે તૈયાર છું. હું પોતે ભારત વતી યુદ્ધમાં ભાગ લેવા માટે ત્યાં જઈશ. જરૂર પડશે તો હું આત્મઘાતી બોમ્બર પણ બનીશ. હું મજાક નથી કરી રહ્યો. દેશની ખાતર, જો મોદી અને શાહ મને આત્મઘાતી બોમ્બર બનાવે, તો હું અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે હું બોમ્બ પહેરીને પાકિસ્તાન જઈશ.

# પાકિસ્તાનીઓએ જ કરી શાહિદ આફ્રિદીની ધોલાઈ, થપ્પડ અને મુક્કા વરસાવ્યા

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. જેના કારણે પાકિસ્તાન સંપૂર્ણપણે ડરી ગયું છે. આ દમિયાન પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી પણ છેલ્લા કેટલાક દિવસોથી ભારત વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યો છે. તેણે ભારતીય સેનાને પણ નિશાન બનાવ્યું હતું. જો કે આ વચ્ચે તેનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તેની ધોલાઇ પાકિસ્તાનીઓ જ કરી રહ્યા છે.

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરી છે. જેના કારણે પાકિસ્તાન સંપૂર્ણપણે ડરી ગયું છે. આ દમિયાન પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી પણ છેલ્લા કેટલાક દિવસોથી ભારત વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યો છે. તેણે ભારતીય સેનાને પણ નિશાન બનાવ્યું હતું. જો કે આ વચ્ચે તેનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તેની ધોલાઇ પાકિસ્તાનીઓ જ કરી રહ્યા છે.પાકિસ્તાની ક્રિકેટર શાહિદ આફ્રિદીએ પહેલગામ આતંકવાદી હુમલા પર એક પછી એક અનેક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે. હવે તેમનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો તે સમયનો છે

# રાજકોટમા ૧૭ વર્ષની સગીરાને કેફી પીણું પિવડાવી બેભાન કરી યુવકે દુષ્કર્મ આચર્યુ

રાજકોટમાં ૧૭ વર્ષની સગીરા સાથે યુવકે દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે, જેમાં સગીરાને બેભાન કરીને કેફી પીણું પિવડાવી દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે, સમગ્ર ઘટનામાં પોલીસે ફરિયાદ નોંધી છે અને યુવતીનું નિવેદન પણ લીધુ છે, ત્યારે તપાસનો ધમધમાટ શરૂ થયો છે અને યુવકની અટકાયત પોલીસે હજી કરી નથી.રાજકોટના ગોંડલ નજીક યુવકે ગોંડલ ચોકડી નજીક સગીરા સાથે દુષ્કર્મ કર્યું હોવાની વાત સામે આવી છે, સાવરકુંડલાની સગીરા સાથે દુષ્કર્મ આચર્યુ હોવાની વાત સામે આવી છે, તો દુષ્કર્મ આચરી યુવાન ફરાર થઈ ગયો હતો, સગીરા ભાનમાં આવી ત્યારે તેને ખબર પડી કે તેની સાથે દુષ્કર્મ આચર્યુ છે, તો સગીરાએ ફોન કરીને તેની બહેનને જાણ કરી અને તેની બહેને પોલીસને જાણ કરતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટયો હતો, સગીરાને એક અઠવાડિયા અગાઉ યુવક સાથે પરિચય થયો હતો.રાજકોટ રહેતી ૧૭ વર્ષની સગીરાને કેફી પીણું પિવડાવી દુષ્કર્મ ગુજારવામાં આવ્યાની ફરિયાદથી ખડભડાટ મચ્યો હતો, રાજકોટના યાજ્ઞિક ઉપર જ્યુશ પીવડાવી બેભાન કરી ગોંડલ ચોકડી નજીક યુવક લઈ ગયો હતો અને દુષ્કર્મ આચર્યુ હોવાની વાત સામે આવી છે, સમગ્ર મામલે સગીરાએ ફરિયાદ નોંધાવતા પોલીસે મેડિકલ કરવા સહિતની પ્રક્રિયા હાથ ધરી છે, આરોપી અમિત નામનો શખ્સ રીબડાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે, પોલીસે ફરાર યુવકને શોધવા માટે અલગ-અલગ ટીમો બનાવી છે.

# અમદાવાદમાં ફરી એરપોર્ટ પરથી કરોડોનો ગાંજો જપ્ત કરાયો

ગુજરાતમાં અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાતો રહે છે. ત્યારે અમદાવાદમાં ફરી એરપોર્ટ પરથી કરોડોનો ગાંજો જપ્ત કરાયો છે. મળતી માહિતી અનુસાર ૩૯.૨૪ કિલો ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. આશરે ૩૯ કરોડની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. બેંગકોકથી આવેલા ૩ ભારતીયોના બેગમાં ગાંજો મળ્યો હતો. ડીઆરઆઈ, કસ્ટમ વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જેમં ગાંજાનો જથ્થો ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બીજી તરફ અમદાવાદ એરપોર્ટ પરથી ૩૭ કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો.ડીઆરઆઈએ ૩૭ કિલો જેટલો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો હતો. બેંગકોકથી આવેલા ૪ ભારતીય પ્રવાસીઓ પાસેથી ગાંજો ઝડપાયો હતો. ખાણીપીણીનાં પેકિંગમાં હાઈબ્રીડ ગાંજાની હેરફેર કરતા હોવાનું સામે આવ્યું હતું.આ અગાઉ ૨૦ એપ્રિલ પણ અમદાવાદ એરપોર્ટ ઉપર ૧૭ કિલોહાઈડ્રોપોનિક ડ્રગ્સ એટલે કે હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો. છેલ્લા ૧૦ દિવસમાં બીજીવાર અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ થયો હતો.

# પાટણ ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલને હેરાન કરવાના ઈરાદે ઈલેકશન પીટીશન કરેલ છે : સુપ્રીમ કોર્ટે પીટીશન ફગાવી દીધી,મતદારોમાં પ્રજા માટે સંઘર્ષ કરતા ધારસભ્ય ડૉ. કિરીટ પટેલની છબી વધુ ચમકી

પાટણ વિધાનસભાની વર્ષ ૨૦૨૨ની ચુંટણીમાં પાટણ કોગ્રેસના ઉમેદવાર ડૉ. કિરીટના ની ધારસભ્ય તરીકે જીત સામે ભાજપના હરીફ ઉમેદવાર ડૉ. રાજુલ દેસાઈ અને પંકજ વેલાણીએ ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરી હતી. હાઈકોર્ટમાં કિરીટ પટેલની જીત થતાં સામે વાળાએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જે અંગે બીજીમે ૨૦૨૫ ના રોજ દિલ્હી સુપ્રીમ કોર્ટ ખાતે સુનાવણી હાથ ધરાઈ હતી અને કિરીટ પટેલની જીત સામેની પીટીશન લંબાણ પૂર્વકના અવલોકન સાથે કોર્ટે ફગાવી દીધી હતી.જેથી કિરીટ પટેલના ટેકેદારોમાં સત્ય મેવ જયતેનો નારો ફરી ગુંજ્યો હતો.

સુપ્રીમ કોર્ટે આ કેસમાં અવલોકન કર્યું હતું કે ધારાસભ્ય કિરીટ પટેલ પંદર હજાર થી વધુ મત થી જીત્યા છે . વીસ જેટલા હરીફ ઉમેદવાર પણ હતા છતાં કોઈ ને વાંધો નથી પરંતુ તેમને પરેશાન કરવા આ પીટીશનને અમે દાખલ કરી વિજેતા ઉમેદવાર ઉપર લટકતી તલવાર કરી શકીએ નહિ.સુપ્રીમ કોર્ટે એવું પણ અવલોકન કર્યું કે ખરેખર આ બાબત હાઈકોર્ટમાં ૪૫ દિવસમાં ઓબ્જેક્શન દુર નહી થવાના કારણે જ રદ થવા પાત્ર હતી. દેશની ચુંટણી પ્રક્રિયામાં આવી નાની - નાની બાબતો ઉપર કોર્ટ નિર્ણય કરે તે દેશની ચુંટણી પ્રક્રિયાના હિતમાં નથી.આથી અમે હાઈકોર્ટના નિર્ણય ઉપર કોઈ પુનઃ વિચાર નહિ કરતાં હાઈકોર્ટના નિર્ણયને અમે પણ માન્ય કરીએ છીએ.

સમગ્ર મામલાની વિગત એવી હતી કે, વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂટણીમાં કિરીટ પટેલ બીજી વાર વિજયી બન્યા હતા અને ભાજપના દિગ્ગજ નેતા રાજુલ દેસાઈને પરાજિત કર્યા હતા. આથી પાટણના વકીલ પંકજ વેલાણી અને રાજુલ દેસાઈએ હાઈકોર્ટમાં ઈલેકશન પીટીશન કરી હતી. જેમાં કિરીટ પટેલે ચુંટણી એફિડેવિટમાં તેમની સામે નોધાયેલ ગુનામાં એક ફરિયાદનો ઉલ્લેખ નથી કર્યો માટે તેમની જીત રદ કરવી જોઈએ તેવી દાદ માંગી હતી. ગુજરાત હાઈકોર્ટમાં આ કેસ માટે રાજુલ દેસાઈએ ખાસ દિલ્હીથી સુપ્રીમ કોર્ટના સીનીયર વકીલ અને સુપ્રીમ કોર્ટ બારના વાઈસ પ્રેસિડેન્ટ રચના શ્રીવાસ્તવને બોલાવી દલીલો કરાવી હતી જે સામે કિરીટ પટેલ તરફથી ગુજરાત હાઈકોર્ટના જાણીતા વકીલ હૃદય બુચે દલીલ કરતો જણવ્યું હતું કે આ પીટીશન મૂળથી જ રદ થવા પાત્ર છે કારણ પીટીશનમાં સમય મર્યાદા સચવાઈ નથી. બીજું કે કિરીટ પટેલે પોલીસે આપેલ ગુના અંગેનો દાખલો એફિડેવિટ સાથે જોડેલ છે. નિયમ મુજબ વર્તમાન પત્ર અને ટી.વી. માં જાહેરાત પણ આપેલ છે. પીટીશન કરનાર અગાઉ પણ અનેક ખોટી ફરિયાદો કરી ચુક્યા હોય આ પીટીશન રદ કરવી જોઈએ. હાઈકોર્ટમાં લાંબી દલીલો બાદ રાજુલ દેસાઈની પીટીશન કોર્ટે રદ કરતાં તેને સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં પંકજ વેલાણી તરફથી સીનીયર વકીલ રચના શ્રીવાસ્તવે દલીલો કરી હતી જેને સુપ્રીમ કોર્ટના જસ્ટીસ સૂર્ય કાન્ત અને જસ્ટીસ એન. કોટીશ્વરે સાંભળી હતી લાંબીદલીલો સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટે આ પીટીશન ફગાવી દીધી હતી અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં કોઈ દખલ કરવાની જરૂર નથી તેવું જણાવ્યું હતું. જોકે આ પીટીશન સુપ્રીમ કોર્ટે એડમીશન સ્ટેજે જ રદ કરતાં કિરીટ પટેલ તરફથી કોઈ વકીલ હાજર ન હોવાછતાંગુજરાત હાઈકોર્ટનું જસ્ટીસ સંગીતા વિષેનનું જજમેન્ટ ખુબ લંબાણ પૂર્વકનું અને લીગલ પોઈન્ટ ઉપરનું હતું. જેમાં કિરીટ પટેલના વકીલ હૃદય બુચે પણ ધારદાર રજૂઆત કરી હતી. આ પીટીશનમાં ચાર દિવસ બંને પક્ષે ત્રણ -ત્રણ કલાક જેટલી લોબી દલીલો ચાલી હતી. સુપ્રીમ કોર્ટે પણ લોબી દલીલો સોભર્યા બાદ સમગ્ર દેશની ચુંટણી પ્રક્રિયા માટે સીમાચિન્હ રૂપ ચુકાદો આપ્યો છે.

અગાઉ પણ ડૉ. કિરીટ પટેલ સામે સુપ્રીમ કોર્ટે એક પીટીશન એડમીશન સ્ટેજેજ ફગાવી દીધી હતી અને આ બીજી પીટીશન પણ ફગાવી દેતાં કિરીટ પટેલને મોટી રાહત મળી છે. સામે મતદારોમાંએ સંદેશ ગયો કે એક્ટીવ અને પ્રજા માટે સંઘર્ષ કરતા ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલ સત્ય માટે કેટલું લડી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.